GJVD230000652026

સત્યમેવ જયતે

| | |
|---|---|
| રજૂ તારીખ | ૦૬-૦૨-૨૦૨૬ |
| દાખલ તારીખ | ૦૬-૦૨-૨૦૨૬ |
| નિકાલ તારીખ | ૧૫-૦૭-૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૦૫ ૦૯ |

## અધિક સેસન્સ કોર્ટ નં. ૮, કરજણ-વડોદરા સમક્ષ.

**ફોજદારી અપીલ નં.૦૩/૨૦૨૬**
**આંક-૦૮**

અરજદાર/મુળ ફરિયાદી :-

**હસમુખભાઇ શાંતિલાલ દવે**
ઉ.વ. આ. ૭૨, ધંધો : ખેતી,
રહે. રણાપુરા, તા. કરજણ, જિ.વડોદરા.

**વિરૂદ્ધ**

સામાવાળા/ મુળ ફરિયાદી:-

(૧) **સુરેશભાઇ ભીખાભાઇ વસાવા**
**ઉ.વ.આ. પુખ્ત, ધંધો : ખેતી.**
રહે. ફોરેસ્ટ વનકુટીર, મુ. નારેશ્વર,
પો. સાયર, તા. કરજણ, જિ.વડોદરા.

(૨) **શ્રી સરકાર.**

---

અરજદાર/મુળ ફરિયાદી તરફે : **વિ.વ.શ્રી એમ.સી.વસાવા.**
સામાવાળા/આરોપી તરફે : **વિ.વ.શ્રી આર.કે.અજમેરી.**
સરકારશ્રી તરફે : **વિ.એડીશ્નલ પી.પી.શ્રી જે.એમ. કંસારા.**

---

**બાબત:-** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૧૯ અન્વયે નિર્દોષ મુકિતના હુકમ સામેની અપીલ.

## -:: જ જ મે ન્ટ ::-

**૦૧)** આ અપીલ ફોજદારી કેસ નં.૮૬/૨૦૧૬ શિનોર કોર્ટના મુળ ફરિયાદી લાવેલા છે. તે કેસ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની

કલમ-૧૩૮ નીચેની ખાનગી ફરિયાદ ઉપરથી ઉપસ્થિત થયેલ. આ ફોજદારી કેસના કામે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, શિનોરે તા.૦૮.૦૧.૨૦૨૬ના રોજ જજમેન્ટ આપી ફરિયાદીની ગેરહાજરી બદલ ફરિયાદીએ રજૂ કરેલા પુરાવા તેમની ગેરહાજરી બદલ રદ કરી, ફરિયાદીનો કેસ સાબિત થતો નથી, તેમ માની આરોપી/ સામાવાળાને નિર્દોષ મુકત કરેલ છે. તે હુકમથી નારાજ થઇ આ અપીલ મુળ ફરિયાદી લાવેલા છે.

૦૨) વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અને પ્રોસીડીંગ મંગાવવામાં આવેલ છે.

૦૩) સામાવાળાને નોટીસ કરવામાં આવેલ. આથી, સામાવાળા તેમનાં વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે.

૦૪) અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.સી. વસાવા અને સામાવાળા તેમના વકીલશ્રી આર.કે.અજમેરી સાથે હાજર થયેલ છે. તેમજ સરકાર પક્ષે વિ.એડીશ્નલ પી.પી.શ્રી જે.એમ. કંસારા આજરોજ હાજર રહેલા છે.

૦૫) અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.સી.વસાવાએ રજૂઆત કરેલ છે કે, ફરિયાદીએ આરોપીને નાણાં આપેલા. તેના અનુસંધાને રૂા.૧ લાખ ૫૦ હજારનો ચેક આરોપીએ ફરિયાદીને આપેલ. ફરિયાદી સિનીયર સીટીઝન છે. તેઓ ઉંમર લાયક હોવાથી કોર્ટમાં હાજર રહી શકેલા નહી. વધુમાં, રજૂઆત કરેલ છે કે, અરજદાર હાર્ટની બિમારી ધરાવતા હોય આથી તેઓ હાજર રહી શકેલા નહી. જે દરગુજર કરી તેઓએ કેસ રીમાન્ડ કરવા કોર્ટને વિનંતી કરેલ છે.

૦૬) વિ.એડીશ્નલ પી.પી.શ્રી જે.એમ. કંસારાએ કેસની હકીકતો ધ્યાને લઇ યોગ્ય તે હુકમ કરવા કોર્ટને વિનંતી કરેલ છે.

૦૭) આરોપી પક્ષે તેઓ ગરીબ માણસ છે. તેઓએ કોઇ પૈસા લીધેલ નથી, તેવી રજૂઆત કરેલ છે. તેમનાં વકીલશ્રીએ ફરિયાદી સતત ગેરહાજર

રહેતાં નામદાર કોર્ટે યોગ્ય રીતે આરોપીને નિર્દોષ મુકત કરેલ છે. તેમ દલીલ કરી વિ. ટ્રાયલ કોર્ટનો ચુકાદો યોગ્ય હોવાની રજૂઆત કરેલ છે. તેઓએ એમ પણ દલીલ કરેલ છે કે, ફરિયાદીએ કોર્ટ પ્રોસેસનો બગાડ કરેલ છે. આથી, આરોપીને વળતર અપાવવા હુકમ કરવા વિનંતી છે.

૦૮) બંને પક્ષની રજૂઆત ધ્યાને લીધી. રેકર્ડ અને પ્રોસીડીંગ અને પુરાવો વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષનો મેં વંચાણે લીધેલ છે. આથી, એ સ્પષ્ટ થાય છે કે, હાલનાં અરજદાર મુળ ફરિયાદી છે. તેઓનો કેસ એવો છે કે, તેઓએ આરોપીને રૂા. ૦૧,૫૦,૦૦૦/- રોકડા હાથ ઉછીના આપેલા. તે ચુકવવાના સમયે આરોપીએ તેમને ચેક તા. ૩૧.૦૩. ૨૦૧૬ નો આપેલ. તે ચેક મુજબના નાણાં ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરતાં તેઓને મળેલા નથી. આથી, તેઓએ આરોપીને નોટીસ આપેલ અને તે બાદ પણ આરોપીએ તેમનાં પૈસા નહી ચુકવતા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે ના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા તેઓએ નામદાર શિનોર કોર્ટમાં તા. ૧૦.૦૫.૨૦૧૬ના રોજ ખાનગી ફરિયાદ દાખલ કરેલ. તે અનુસંધાને કોર્ટે કોગનીઝન્સ લઈ, આરોપીને સમન્સ કરેલ.

૦૯) ફરિયાદીએ પુરાવાના તબકકે તેઓનો પુરાવા એફીડેવીટ તા.૧૦.૦૫. ૨૦૧૬ના રોજ રજૂ કરેલ છે. ત્યારબાદ ફરિયાદી હાજર ન રહેતાં, ફરિયાદી તરફેનો આંક-૭૨ નો રીપોર્ટ રદ કરવામાં આવેલ. ત્યારબાદ આંક-૭૩નો રીપોર્ટ પણ રદ કરવામાં આવેલ. તે બાદ અંતે વિ. ટ્રાયલ કોર્ટે આંક-૭૪ લગત હુકમ કરી ફરિયાદીની જુબાની રદ કરેલ. આ કામે રેકર્ડ ઉપરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, આંક-૭૧ ઉપર ફરિયાદીને કોસ્ટ ભરવાની શરતે મુદ્દત આપવામાં આવેલ હતી. ત્યારબાદ પણ ફરિયાદી કોર્ટમાં પુરાવાના તબકકે હાજર રહેલા નથી.

૧૦) મુળ ફોજદારી કેસમાં ફરિયાદી સતત ગેરહાજર રહેતાં વિ.ટ્રાયલ કોર્ટે ફરિયાદ પક્ષનો પુરાવો રદ કરી ફરિયાદીની વિગતવાર ગેરહાજરીની હકીકત નોંધી આરોપીને નિર્દોષ મુકત કરતો હુકમ કરેલ છે.

૧૧) તે હુકમ તા. ૦૮.૦૧.૨૦૨૬ના રોજ કરવામાં આવેલ. તેની સામેની આ અપીલ તા.૦૬.૦૨.૨૦૨૬ના રોજ મુળ ફરિયાદી લાવેલા છે. આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનો આક્ષેપ હતો. તે ગુનો સમાધાન લાયક છે. તેમજ નોન–કોગ્નીઝેબલ છે. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ નીચે મુજબ છે.

256. Non-appearance or death of complainant.

(1) If the summons has been issued on complaint, and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall notwithstanding anything herein before contained, acquit the accused, unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day :Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

૧૨) ઉપરોકત જોગવાઈ મુજબ ટ્રાયલ દરમ્યાન ફરિયાદીની ગેરહાજરીના કારણે વિ. મેજીસ્ટ્રેટ કોર્ટને યોગ્ય જણાય તે કેસમાં ઉપરોકત જોગવાઈ અનુસંધાને આરોપીને નિર્દોષ મુકત કરવાનો હુકમ કરી શકે છે. તેવા કિસ્સામાં આરોપીની મુકિત એ નિર્દોષ મુકતી બને છે. તેની સામેની અપીલ કોર્ટમાં થવાપાત્ર છે. તે મુજબ ફરિયાદીએ આ કોર્ટ સમક્ષ અપીલ કરેલ છે.

૧૩) હવે, ફરિયાદીની ગેરહાજરીના કારણ જોવામાં આવે તો, હાર્ટની બિમારી અને ઉંમર લાયક હોવાનું તેઓએ જણાવેલ છે. મુળ કેસ ફરિયાદી સને ૨૦૧૬માં લાવેલા. તે બાદ તેઓનાં કેસનો નિર્ણય સને ૨૦૨૬માં કરેલો. આરોપીની પ્લી તા.૨૦.૦૧.૨૦૧૭ ના રોજ નોંધવામાં આવેલી. ત્યારબાદ ફરિયાદીએ પુરાવા એફીડેવીટ તે કામે વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ તા. ૧૦.૦૫.૨૦૧૬ ના રોજ રજૂ કરેલ સોગંદ નામાને પુરાવા તરીકે ટ્રીટ કરેલ. જે ફરિયાદ સાથે રજૂ થયેલ હતું. ત્યારબાદ ફરિયાદીની ઉલટ તપાસ માટે કામ વખતો વખત મલત્વી રાખવામાં આવેલ. રેકર્ડ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે, ફરિયાદી દ્વારા અસંખ્ય મુદ્દતો આંક–૧૨,૧૬, ૨૧, ૨૨, ૨૪, ૩૦, ૩૧, ૩૪, ૩૫, ૩૭ તે ઉપરાંત અન્ય ઘણી બધી વખત પણ મુદ્દત ફરિયાદી તરફથી મંગાયેલ છે. ત્યારબાદ ફરિયાદીને કોસ્ટ પણ વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે. તે આંક–૭૧ થી કોસ્ટનો હુકમ થયેલ. અંતે વિ. ટ્રાયલ કોર્ટે ફરિયાદીના પુરાવાના હકક બંધ કરેલા તેમજ ફરિયાદી ની જુબાની ડિસ્કાર્ડ કરેલી. તે બાદ આરોપીનું એફ.એસ. નોંધેલું અને ત્યારબાદ વિ.ટ્રાયલ કોર્ટે જજમેન્ટ આપેલ છે. આમ, ફરિયાદી સતત ગેરહાજર રહેવાના કારણે કામ ૧૦ વર્ષ લંબાયેલું.

૧૪) ફરિયાદીએ વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ લાંબા સમય સુધી ગેરહાજર રહેવાની હકીકત ધ્યાને લેતાં, તેઓએ આ કોર્ટ સમક્ષ તેમની ગેરહાજરીના આપેલ કારણો યોગ્ય માની શકાય તેમ નથી. આથી, વિ. ટ્રાયલ કોર્ટે જે ફરિયાદીની ગેરહાજરી બદલ આરોપીને નિર્દોષ મુકત કરતો અકંદરે સી.આર.પી.સી.ની કલમ–૨૫૬ અન્વયે કહી શકાય, તે મુજબનો જે હુકમ કરેલ છે. તે હુકમમાં કોઇ ક્ષતિ જણાતી નથી. આથી, આરોપી સામેની આ નિર્દોષ મુકિતના હુકમ સામેની મુળ ફરિયાદીની અપીલ મંજુર થવાને પાત્ર ન હોવાનુ માનવામાં આવે

છે. આથી, અરજદાર તરફેની દલીલ સ્વીકારવામાં આવતી નથી. પરંતુ, આરોપી પક્ષની દલીલ યોગય જણાય છે. આથી, નીચે મુજબનો હુકમ કરૂ છું.

## –:: આખરી હુકમ ::–

**૦૧)** ક્રિમીનલ અપીલ નં. ૦૩/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

**૦૨)** આથી વિ. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટે તેમની સમક્ષના ક્રિમનીલ કેસ નં. ૮૬/૨૦૧૬ના કામે તા. ૦૮.૦૧.૨૦૨૬ના રોજ સામાવાળા/મુળ આરોપી **સુરેશભાઈ ભીખાભાઈ વસાવા** રહે. ફોરેસ્ટ વનકુટીર, મુ. નારેશ્વર, પો. સાયર, તા. કરજણ, જિ.વડોદરાનાઓને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામાં, ફરિયાદીની સતત ગેરહાજરીના કારણે, નિર્દોષ મુકત કરેલ છે, તે હુકમ કાયમ રાખવામાં આવે છે.

**૦૩)** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**૦૪)** હુકમ મુજબ જરૂરી યાદી વિ. ટ્રાયલ કોર્ટને કરવી. તેમજ રેકર્ડ અને પ્રોસીડીંગ આ હુકમની નકલ સાથે મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ: **૧૫મી**, માહે : **જુલાઇ,** સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
MANOJ BHAILALBHAI KOTAK
Reason: Judgment
at karjan
on 15/07/2026 18:08:38 IST.

તા.૧૫/૦૭/૨૦૨૬
સ્થળ : કરજણ.

**(મનોજ ભાઈલાલભાઇ કોટક)**
૮ માં અધિક સત્ર ન્યાયાધીશ,
વડોદરા @ કરજણ.
યુનિક કોડ જીજે.૦૦૭૧૮

એચ.એમ.